| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૯–૧૦–૨૦૨૫ |
| કેસ નોંધણી તારીખ | ૦૯–૧૦–૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૦૫–૦૫–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ – માસ– દીવસ |
| | ૦૦ – ૦૬ – ૨૬ |

**કાલાવડના મહેરબાન શ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની અદાલતમાં**
**મુ.કાલાવડ**

**રે.દી.મુ નં. ૧૨૫/૨૦૨૫**
**આંક–**

**ગુજરાત વિજ કંપની લી.**
તે ગુજરાત ઉર્જા નિગમ લીમીટેડ અને
ગુજરાત ઈલેકટ્રીસીટ ઈન્ડસ્ટ્રીઝ
(રીઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન એકટ – ૨૦૦૩ નીચે
ઈનકોર્પોરેટ થયેલ કંપની)
**થ્રુ નાયબ ઈજનેરશ્રી,** વેસ્ટ સબ ડીવીઝન,
મુ વેસ્ટ તા: કાલાવડ, જી. જામનગર ....... ........ ....... વાદી

વી.

અફઝલભાઈ મામદભાઈ ભારખાણી
ઉ.વ.આ.: ૪૭, ધંધો: ખેતી,
રે.: રવશીયા, તા.: કાલાવડ, જી.: જામનગર ........ ....... પ્રતિવાદી

બાબત:– **દાવો રૂા.૨૯,૭૬૨–૯૮/– પૈસા વસુલ મળવા અંગે.**

વાદીપક્ષે વિધ્વાન વકીલ શ્રી :– પી.ડી.જાડેજા
પ્રતિવાદીપક્ષે વિધ્વાન વકીલશ્રી :– xxxxxx

**–: ચુકાદો :–**

૧. હાલનો વાદીએ પ્રતિવાદી પાસેથી દાવાની વિગતે વીજ બીલની લેણી રકમ રૂા.૨૯,૭૬૨–૯૮/–પૈસા વસુલવા દાવા મુજબ દાદ માંગેલ છે.

૨. દાવાની હકિકત ટુંકમાં એવી છે કે, વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. તે ગુજરાત ઉર્જા નિગમ લીમીટેડ અને ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ (રીઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન) એકટ–૨૦૦૩ નીચે રચાયેલ ઈનકોર્પોરેટ થયેલ કંપની છે, પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ ઓફિસ રાજકોટ આવેલ છે જામનગર ડીવીઝન ઓફિસ છે અને કાલાવડ સબ ડીવીઝન ઓફિસ હેડીંગમાં દર્શાવ્યા સરનામે છે જે પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં તેના ગ્રાહકોને નિયમ અનુસાર વિદ્યુત પુરવઠો પુરો પાડવાનું કામ કરે છે. વાદી કંપનીના સબ ડીવીઝનનું સંચાલન અમો સદર સબ ડીવીઝનના નાયબ ઈજનેર દ્વારા કરવામાં આવે છે. પ્રતિવાદી કાલાવડ તાલુકાના સ્વશીયા (ગળા) ગામે રહેતા હોય જે અમારા વાદી કંપનીના કાર્યક્ષેત્ર નીચેનું ગામ છે તેમને ત્યાં વાદી કંપનીના સક્ષમ અધિકારીની સુચનાથી ડીવીઝન ડ્રાઈવમાં વાદી કંપનીના કાલાવડ ઈષ્ટ સબ ડીવીઝનના જુ.ઈ. પી. કે. સાકરીયા તથા લાઈનમેન ડી. એન. ચૌહાણનાએ તા.: ૧૮–૪–૨૦૨૩ ના રોજ પ્રતિવાદીને ત્યાં ચેકીંગ શીટ નં. જે.આર.ડી. ૧૯૨૨૬ ની વિગતે ચેકીંગ કરતા પ્રતિવાદી ચેકીંગ શીટની વિગતે રહેણાંક પ્રકારની ૧૧૫૭ વોટની ચેકીંગ શીટની વિગત મુજબ પ્રતિવાદી તેના ઘરની નજીક આવેલ પી.જી.વી.સી.એલ. ના પોલ પર લંગર નાખી પીળા રંગની પ્લીનકોર સર્વિસની મદદથી ડાયરેકટ વીજ ચોરી કરતા ઝડપાયેલ સ્થળ પર સ્વતંત્ર પંચો નહી મળતા ખાતાકીય રોજકામ કરી સ્કેચ દોરી ફોટોગ્રાફી કરેલ અને એનેક્ષ્ચર – ૪ ની વિગતે પ્લીનકોર પીળા કલરની સર્વિસ આશરે ૧૦ મીટર જપ્ત કરેલ પ્રતિવાદી કાર્યવાહીમાં હાજર હતા પરંતુ ચેકીંગના દસ્તાવેજોમાં સહી નહી કરતા ચેકીંગ ટીમના સભ્યોએ સહી કરી ચેકીંગના દસ્તાવેજો તથા ગેટ પાસની વિગતે મુદામાલ વાદી કંપનીમાં જમા કરાવેલ.ચેકીંગ ટીમના અધિકારીએ ચેકીંગના દસ્તાવેજો અને મુદામાલ જમા કરાવતા તેના આધારે જે તે વખતના ના.ઈ. ડી. એચ. ભેડા સાહેબએ પ્રતિવાદી સામે ધી ઈલે. એકટ – ૨૦૦૩ ની કલમ – ૧૩૫ અન્વયે પાવર ચોરી ફરીયાદ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન જામનગરમાં તા.: ૧૮–૪–૨૦૨૩ ના રોજ ગુ. રજી. નં. સેકન્ડ ૧૪૨૦/૨૦૨૩ ની વિગતે કરી એનેક્ષ્ચર – સી ની વિગતે પાવર ચોરી પુરવણી

બીલ રૂા. ૨૧,૪૭૪–૫૦ પૈસાનું તૈયાર કરી નોન કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂા. ૨૦૦૦/– નું બીલ પ્રતિવાદીને આપ્યુ જે રજી. એડી. થી તેમને મળી ગયેલ છે છેલ્લે તા. : ૧૭–૮–૨૦૨૪ ના લીગલ નોટીશ આપી જે બજી જવા છતાં કંઈ વસુલાત નહી આપતા પ્રતિવાદી સામે દાવો કરવાની જરૂરત પડેલ છે.પ્રતિવાદીને ત્યાં તા.: ૧૮–૪–૨૦૨૩ ના રોજ ચેકીંગ શીટ નં. જે.આર.ડી. ૧૯૨૨૬ થી ચેક કરી સ્થળ પર રોજકામ સ્કેચ દોરી ફોટોગ્રાફી કરી તેના આધારે ના.ઈ. ડી. એચ. ભેડા સાહેબએ પ્રતિવાદી સામે જામનગર વિજ પોલીસ સ્ટેશનમાં ગુ.રજી. નં. સેકન્ડ ૧૪૨૦/૨૦૨૩ થી તા.: ૧૮–૪–૨૦૨૩ ના પાવર ચોરી ફરીયાદ કરી તા.: ૧૮–૪–૨૦૨૩ ના રોજ રૂા. ૨૧,૪૭૪–૫૦ પૈસાનું પાવર ચોરી પુરવણી બીલ આપ્યુ નોન કમ્પાઉન્ડીંગ ચાર્જ બીલ આપ્યુ તા.: ૧૮–૪–૨૦૨૩ ના લીગલ નોટીશ રજી. એડી. પોષ્ટથી આપી છતાં કંઈ વસુલાત કે દાદ નહી આપતા આ દાવો દાખલ કરવા કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલ છે. વાદી કંપનીના પાવર ચોરી પુરવણી બીલના પાવર ચોરી પુરવણી બીલના રૂા. ૨૧,૪૭૪–૫૦/– પૈસા તથા ડી.પી.સી. ના રૂા. ૮૨૮૮–૪૩/– પૈસા મળી કુલ રૂા.૨૯,૭૬૨–૯૮/– પૈસાનું બાકી રોકાય છે પ્રતિવાદી સામે હુકમનામું કરી વાદીને વસુલ અપાવવા તેમજ દાવાનું થયેલ અને થનાર ખર્ચ અપાવવા, વાદીની લ્હેણી રકમ ખોટી રીતે પ્રતિવાદીએ રોકેલ હોય તો દાવાની રકમ ઉપર અને થનાર ખર્ચ ઉપર વાર્ષિક ૧૬% લેખે વ્યાજ વસુલાત થતા સુધીનું અપાવવા, દાવાને અનુરૂપ જે જે દાદ અપાવવી જણાય તે તે દાદ અપાવવા અરજ છે.

૩. આ કામે દાવાનો સમન્સ પ્રતિવાદીને ધોરણસર બજી ગયેલ હોય તેમ છતાં પ્રતિવાદી જાતે કે વકીલ મુખત્યાર મારફત કોર્ટ સમક્ષ હાજર ન થતા કે દાવાનો કોઇ જવાબ પણ રજુ ન કરતા કે રીપોર્ટ પણ ન આવતા પ્રતિવાદી સામે દાવાનુ કામ એકતરફી ચલાવવા આંક–૧ નીચે હુકમ કરેલ છે.

૪. બાદમાં આ કામે આંક–૦૭ થી મુદાઓ ઘડવામાં આવેલ છે. તે મુદાઓ પુરવાર કરવા માટે વાદીએ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

રે.દી.મુ નં. ૧૨૫/૨૦૨૫

**વાદીપક્ષનો મૌખિક પુરાવો**

| ક્રમ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી કંપનીના જવાબદાર અધિકારી દીનેશભાઇ દેવાભાઇ ભરવાડનુ સરતપાસનુ સોગંદનામુ | ૦૯ |

**વાદીપક્ષનો દસ્તાવેજી પુરાવો**

| ક્રમ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નામ જોગ પ્રફોર્મા નં. ૧૨ કોમ્પ્યુટર ખરી નકલ | ૧૧ |
| ૨ | પ્રતિ. નામ. જોગ તપાસણી અહેવાલ J.R.D. NO. 19226 ની ખરી નકલ | ૧૨ |
| ૩ | પ્રતિવાદી નામ જોગ રોજકામ સ્કેચ ફોટાની ખરી નકલ | ૧૩ |
| ૪ | પ્રતિવાદી નામ જોગ એનેક્ષ્ચર-૪ ની ખરી નકલ | ૧૪ |
| ૫ | પ્રતિવાદી નામ જોગ ગેટપાસની ખરી નકલ. | ૧૫ |
| ૬ | પ્રતિવાદી નામ જોગ ફોટોગ્રાફી અંગે પ્રમાણપત્રની ખરી નકલ | ૧૬ |
| ૭ | પ્રતિ. સામે પાવર ચોરી ફરીયાદ પો. સ્ટેશન ફોરવર્ડીંગ લેટરની ખરી નકલ. | ૧૭ |
| ૮ | પ્રતિ. સામે વિજ પોલીસ સ્ટેશન જામનગર ગુ. રજી. નં. ૧૪૨૦/૨૦૨૩ ની ફોજદારી ફરીયાદની ખરી નકલ | ૧૮ |
| ૯ | પ્રતિવાદી નામ જોગ એનેક્ષ્ચર - સી ની કોમ્પ્યુટર ખરી નકલ | ૧૯ |
| ૧૦ | પ્રતિવાદી નામ જોગ પુરવણી બીલની કોમ્પ્યુટર ખરી નકલ | ૨૦ |
| ૧૧ | પ્રતિ. નામ જોગ કમ્પાઉન્ડીંગ ચાર્જ બીલની ખરી નકલ | ૨૧ |
| ૧૨ | પ્રતિવાદીને બન્ને બીલો મોકલાવેલ તે ફોરવર્ડીંગ લેટરની ખરી નકલ | ૨૨ |
| ૧૩ | પ્રતિવાદીને બન્ને નોટીશો મોકલાવેલ તે પોષ્ટની રજી. એકનોલેઝમેન્ટ સ્લીપ | ૨૩ |
| ૧૪ | પ્રતિવાદીને સી.જી.એલ. એન્સ્ટ્રેકટની કોમ્પ્યુટર ખરી નકલ | ૨૪ |
| ૧૫ | પ્રતિવાદીને વ્યાજ ગણતરી પત્રકની ખરી નંકલ | ૨૫ |
| ૧૬ | પ્રતિવાદી નામ જોગ પ્રમાણપત્રની ખરી નકલ | ૨૬ |
| ૧૭ | પ્રતિવાદીને લીગલ નોટીશ આપેલ તે નોટીશની અસલ ખરી નકલ | ૨૭ |
| ૧૮ | પ્રતિવાદીને નોટીશ મોકલેલ તે રજી. એડી. ની એકનોલેઝમેન્ટ સ્લીપ અસલ | ૨૮ |
| ૧૯ | પ્રતિવાદી નામ જોગ બ્રીજ નોટની ખરી નકલ | ૨૯ |
| ૨૦ | પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા કંપનીના અધિકારીના મંજુરી લેટરની ખરી નકલ | ૩૦ |

| | | |
|---|---|---|
| ૨૧ | પ્રતિવાદી સામે દાવો કરવા મંજુરી લેટર | ૩૧ |
| ૨૨ | કલોંઝીંગ પુરશીશ | ૩૨ |

આ કામે પ્રતિવાદી સામે એકતરફી ચલાવવા હુકમ થયેલ છે અને પ્રતિવાદીએ કોઇ પુરાવો રજુ કરેલ નથી.

**પ.** આ કામે આંક–૦૭ થી ધડવામાં આવેલ મુદાઓ નીચે મુજન છે.

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદીએ વીજચોરી કરેલ છે ? |
| ૨ | શું વાદી સાબિત કરે છે કે, તેઓ આ કામના પ્રતિવાદી પાસેથી વીજચોરીના બાકી બિલની રકમ રૂા. ૨૯,૭૬૨–૯૮/– પૈસા વસુલ મેળવવા હકકદાર છે ? |
| ૩ | શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી દર માસે દર સેંકડે ૧.૫ % પ્રમાણે વ્યાજની રકમ વસુલ મેળવવા હકકદાર છે ? |
| ૪ | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૫ | શું હુકમ અને હુકમનામું ? |

**૬.** વાદીએ રજુ થયેલ પુરાવાનુ અને વાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલોનુ કાળજીપુર્વક મુલ્યાંકન કરીને દાવાના નિકાલમાટે ઉપસ્થિત થયેલા ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.૧ :– હકારમાં

મુદા નં.૨ :– હકારમાં

મુદા નં.૩ :– અંશત: હકારમાં

મુદા નં.૪ :– અંશત: હકારમાં

મુદા નં.૫ :– આખરી હુકમ મુજબ

**૭.** ઉપરોકત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

**<u>મુદા નં.૧ :–</u>**

આ કામે રેકર્ડ જોતા પ્રતિવાદીને દાવાનો સમન્સ ધોરણસર બજી જવા છતા પ્રતિવાદી તરફે હાજર રહી કોઇપણ પ્રકારનો બચાવ સદર દાવાના કામે કરેલ નથી કે દાવા જવાબ રજુ કરવા કે પુરાવો આપવા દરકાર કરેલ નથી. તેથી મજકુર પ્રતિવાદી સામે એકતરફી કામ આગળ ચલાવવા હુકમ થયેલ છે. ત્યારબાદ આ કામે વાદીએ તેના દાવાની હકીકત પુરવાર કરવા માટે **આંક– ૦૯** થી વાદી કંપનીના જવાબદાર અધિકારી **દીનેશભાઈ દેવાભાઈ ભરવાડ** નુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરી દાવાની હકીકતને સમર્થન આપેલ છે અને મજકુર સાહેદના પુરાવાના સોગંદનામામાં તેઓએ આંક–૧૧ થી આંક–૩૧ મુજબનો પુરાવો રજુ કરેલ છે અને તે રીતે દાવાની હકીકતને સાબિત કરવા માટે વાદીએ ઉપરોકત દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. વાદીએ પોતાના સોગંદનામાના પુરવામાં જણાવેલ કે,વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. તે ગુજરાત ઉર્જા નિગમ લીમીટેડ અને ગુજરાત ઈલેકટ્રીસીટી ઈન્ડસ્ટ્રીઝ (રીઓર્ગેનાઈઝેશન એન્ડ રેગ્યુલેશન) એકટ–૨૦૦૩ નીચે રચાયેલ ઈનકોર્પોરેટ થયેલ કંપની છે, પી.જી.વી.સી.એલ. કોર્પોરેટ ઓફિસ રાજકોટ આવેલ છે જામનગર ડીવીઝન ઓફિસ છે અને કાલાવડ સબ ડીવીઝન ઓફિસ હેડીંગમાં દર્શાવ્યા સરનામે છે જે પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં તેના ગ્રાહકોને નિયમ અનુસાર વિદ્યુત પુરવઠો પુરો પાડવાનું કામ કરે છે. વાદી કંપનીના સબ ડીવીઝનનું સંચાલન અમો સદર સબ ડીવીઝનના નાયબ ઈજનેર દ્વારા કરવામાં આવે છે. પ્રતિવાદી કાલાવડ તાલુકાના સ્વશીયા (ગળા) ગામે રહેતા હોય જે અમારા વાદી કંપનીના કાર્યક્ષેત્ર નીચેનું ગામ છે તેમને ત્યાં વાદી કંપનીના સક્ષમ અધિકારીની સુચનાથી ડીવીઝન ડ્રાઈવમાં વાદી કંપનીના કાલાવડ ઈષ્ટ સબ ડીવીઝનના જુ.ઈ. પી. કે. સાકરીયા તથા લાઈનમેન ડી. એન. ચૌહાણનાએ તા.: ૧૮–૪–૨૦૨૩ ના રોજ પ્રતિવાદીને ત્યાં ચેકીંગ શીટ નં. જે.આર.ડી. ૧૯૨૨૬ ની વિગતે ચેકીંગ કરતા પ્રતિવાદી ચેકીંગ શીટની વિગતે રહેણાંક પ્રકારની ૧૧૫૭ વોટની ચેકીંગ શીટની વિગત મુજબ પ્રતિવાદી તેના ઘરની નજીક આવેલ પી.જી.વી.સી.એલ. ના પોલ પર લંગર નાખી પીળા રંગની

પ્લીનકોર સર્વિસની મદદથી ડાયરેકટ વીજ ચોરી કરતા ઝડપાયેલ સ્થળ પર સ્વતંત્ર પંચો નહી મળતા ખાતાકીય રોજકામ કરી સ્કેચ દોરી ફોટોગ્રાફી કરેલ અને એનેક્ષ્ચર – ૪ ની વિગતે પ્લીનકોર પીળા કલરની સર્વિસ આશરે ૧૦ મીટર જપ્ત કરેલ પ્રતિવાદી કાર્યવાહીમાં હાજર હતા પરંતુ ચેકીંગના દસ્તાવેજોમાં સહી નહી કરતા ચેકીંગ ટીમના સભ્યોએ સહી કરી ચેકીંગના દસ્તાવેજો તથા ગેટ પાસની વિગતે મુદામાલ વાદી કંપનીમાં જમા કરાવેલ.ચેકીંગ ટીમના અધિકારીએ ચેકીંગના દસ્તાવેજો અને મુદામાલ જમા કરાવતા તેના આધારે જે તે વખતના ના.ઈ. ડી. એચ. ભેડા સાહેબએ પ્રતિવાદી સામે ધી ઈલે. એકટ – ૨૦૦૩ ની કલમ – ૧૩૫ અન્વયે પાવર ચોરી ફરીયાદ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન જામનગરમાં તા.: ૧૮–૪–૨૦૨૩ ના રોજ ગુ. રજી. નં. સેકન્ડ ૧૪૨૦/૨૦૨૩ ની વિગતે કરી એનેક્ષ્ચર – સી ની વિગતે પાવર ચોરી પુરવણી બીલ રૂા. ૨૧,૪૭૪–૫૦ પૈસાનું તૈયાર કરી નોન કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂા. ૨૦૦૦/– નું બીલ પ્રતિવાદીને આપ્યુ જે રજી. એડી. થી તેમને મળી ગયેલ છે છેલ્લે તા. : ૧૭–૮–૨૦૨૪ ના લીગલ નોટીશ આપી જે બજી જવા છતાં કંઈ વસુલાત નહી આપતા પ્રતિવાદી સામે દાવો કરવાની જરૂરત પડેલ છે.પ્રતિવાદીને ત્યાં તા.: ૧૮–૪–૨૦૨૩ ના રોજ ચેકીંગ શીટ નં. જે.આર.ડી. ૧૯૨૨૬ થી ચેક કરી સ્થળ પર રોજકામ સ્કેચ દોરી ફોટોગ્રાફી કરી તેના આધારે ના.ઈ. ડી. એચ. ભેડા સાહેબએ પ્રતિવાદી સામે જામનગર વિજ પોલીસ સ્ટેશનમાં ગુ.રજી. નં. સેકન્ડ ૧૪૨૦/૨૦૨૩ થી તા.: ૧૮–૪–૨૦૨૩ ના પાવર ચોરી ફરીયાદ કરી તા.: ૧૮–૪–૨૦૨૩ ના રોજ રૂા. ૨૧,૪૭૪–૫૦ પૈસાનું પાવર ચોરી પુરવણી બીલ આપ્યુ નોન કમ્પાઉન્ડીંગ ચાર્જ બીલ આપ્યુ તા.: ૧૮–૪–૨૦૨૩ ના લીગલ નોટીશ રજી. એડી. પોષ્ટથી આપી છતાં કંઈ વસુલાત કે દાદ નહી આપતા આ દાવો દાખલ કરવા કાયદેસરનું કારણ ઉત્પન્ન થયેલ છે. વાદી કંપનીના પાવર ચોરી પુરવણી બીલના પાવર ચોરી પુરવણી બીલના રૂા. ૨૧,૪૭૪–૫૦/– પૈસા તથા ડી.પી.સી. ના રૂા. ૮૨૮૮–૪૩/– પૈસા મળી કુલ રૂા.૨૯,૭૬૨–૯૮/– પૈસાનુ લહેણા બાકી છે તેથી પાવર ચોરી કરી વીજળીનો પોતાના ઉપયોગ માટે ઉપયોગ કરી વીજ ચોરી કરી

વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ– ૧૩૫ હેઠળ ગુનો કરતા આ ચોરી અંગે વાદીધ્વારા નિયમ મુજબ કાર્યવાહી કરી તે હકિકત વાદી કંપનીના જવાબદાર અધિકારીએ પોતાના પુરાવાના સોગંદનામાથી અને રજુ કરેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે અને ઉપર ચર્ચા કર્યા મુજબ પ્રતિવાદી પાસેથી વીજ ચોરી કરી વીજ વપરાશ કરેલ હોય રૂા ૨૯,૭૬૨–૯૮/–

વસુલ મેળવવાના થયા હોય અને વાદી ધ્વારા પ્રતિવાદીને નોટીસ આપી જાણ કરવા છતા વાદીની દાવામાં જણાવ્યા મુજબની લેણી રકમ રૂા ૨૯,૭૬૨–૯૮/– પૈસા વસુલ ન આપતા હાલનો દાવો કરેલાની હકિકત વાદી કંપનીના જવાબદાર અધિકારીએ પોતાના પુરાવાના સોગંદનામાથી તથા તે અનુસંધાનેના દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ હોય વાદી કંપનીના નિયમોનુંસાર તેમજ કાયદાનુંસાર આપેલ પુરવણી બીલ મુજબની રકમ રુ ૨૯,૭૬૨–૯૮/–પૈસા લેણા રહેતા હોવાનું વાદી કંપનીના જવાબદાર અધિકારીઓ પોતાના પુરાવાના સોગંદનામાથી અને રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય ત્યારે વાદી પ્રતિવાદી પાસેથી રૃ. રુ.૨૯,૭૬૨–૯૮/–પૈસા વસુલલેબુ હકકદાર થતા હોવાનું પુરવાર કરવામાં સફળ થયેલ હોય અને વાદીએ રજુ કરેલ ઉપરોકત હકિકતથી કોઈ વિરુધ્ધની હકિકત આ કામના પ્રતિવાદી ધ્વારા અત્રેની કોર્ટમાં હાજર થઈ રજુ કરેલ ન હોય કે વાદીએ રજુ કરેલ મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવામાં જણાવેલ હકિકતોને પડકારવા પ્રયત્ન કરેલ ન હોય ત્યારે વાદીના પ્રતિવાદી પાસે રુ.૨૯,૭૬૨–૯૮ /–પૈસા પુરા લેણા નીકળતા હોવાનું વાદી પુરવાર કરવામાં સફળ થયેલ છે જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદા નં. ૨**

આ કામ વાદી કંપની ધ્વારા દાવાની લેણી રકમ રૂ.૨૯,૭૬૨–૯૮/– પૈસા ઉપર ૧૬ ટકા વસુલ અપાવવા માંગણી કરવામાં આવેલ છે. પરંતુ, વાદીએ માંગ્યા મુજબનું વ્યાજ મેળવવા વાદી હકકદાર છે કે કેમ? તે અંગે જોઈએ તો વાદી કંપની એક સ્વાયત કંપની છે અને પોતાનો વહીવટ નાણાંથી ચલાવે છે અને પ્રતિવાદીએ વાદીની લેણી રકમ કોઈપણ જાતના કારણ વગર

રોકી રાખેલ છે અને રોકી રાખવા માટેનું કોઈ વ્યાજબી કારણ રજુ કરવામાં આવેલ નથી ત્યારે વાદી કંપની પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા માટે હકકદાર હોવાનું અત્રેની અદાલતનું માનવું છે. પરંતુ, વાદી ધ્વારા જે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે તે વધારે પડતી છે. તેમજ વ્યાજનો મુદ્દો જસ્ટીસ, ઈકવીટી અને ગુડ કોશાયન્સના સિધ્ધાંત મુજબ નકકી કરવો જોઈએ. પરંતુ, હાલના મોંધવારીના દર અને વ્યાજના દર ધ્યાનમાં લેતા અને વાદી કંપની ધ્વારા જે વ્યાજની માંગણી કરવામાં આવેલ છે તે અંગેનો કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે કોઈ એગ્રીમેન્ટ રજુ કરવામાં આવેલ ન હોવાથી દિવાની કાર્યરીતી સંહિતાની કલમ–૩૪ જોતા કોઈ સ્પષ્ટ કરાર પક્ષકારો વચ્ચે ન હોય, વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ ઉપર વાર્ષિક ૬ ટકા લેખે વ્યાજ વસુલ અપાવવામાં આવશે તો તે વ્યાજબી અને ન્યાયી ગણાશે તેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદી કંપનીને પ્રતિવાદી પાસેથી દાવાવાળી રકમ રુ. ૨૯,૭૬૨–૯૮ /– પૈસા ઉપર વાર્ષિક ૬ ટકા લેખે વ્યાજ વસુલ અપાવવાનું ઉચિત જણાતું હોય મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**મુદા નં. ૩.**

વાદીનો દાવો કાયદા મુજબ ટકવાપાત્ર નથી તે બાબતની કોઈપણ દલીલ કે પુરાવો પ્રતિવાદી ધ્વારા રજુ કરવામાં આવેલ નથી અને જયારે પ્રતિવાદી વાદીએ કોર્ટમાં હાજર રહી વાદીના દાવાની કાયદાકીય સ્થિતિ બાબતે વાંધો કે તકરાર લીધેલ ન હોય ત્યારે વાદીનો દાવો કાયદાકીય ટકવાપાત્ર નથી તેવું માની શકાય નહી. જેથી આ મુદા બાબતે વધુ ચર્ચા કરવી ન્યાયોચિત જણાતી ન હોય સદરહુ મુદાનો નિર્ણય અંશત : હકારમાં કરવામાં આવે છે.

**મુદા નં. ૪.**

આ કામે મુદ્દા નં.૧ મા ચર્ચા કયા મુજબ વાદી પ્રતિવાદી પાસે રુ ૨૯,૭૬૨–૯૮/– પૈસા પુરા બાકી લેણા હોવાનું પુરવાર કરવામાં સફળ થયેલ હોય જેથી તે મુજબ તે મુદ્દા નં.૧ નો જવાબ પણ હકારમાં આપેલ છે પરંતુ, વાદી આ કામે વાદી અને પ્રતિવાદી વચ્ચે વ્યાજ અંગેના જે કાંઈ કરારો

થયેલ હોય તે રજુ કરવામાં સફળ થયેલ ન હોય અને તે મુજબ વાદી દાવા તારીખથી લેણી રકમ ઉપર ૬ ટકા વ્યાજ મેળવવા હકકદાર થયેલ હોવાનું ઠરાવી મુદ્દા નં. ૨ નો જવાબ તે રીતે હકારમાં આપેલ છે અને મુદ્દા નં. ૩ પરત્વે વાદી અંશત: દાદ મેળવવા હકકદાર થતા હોવાનું ઠરાવી મુદ્દા નં. ૪ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નં.૫ ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) વાદીનો દાવો અંશત:મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે, વાદી કંપનીની લેણી રકમ રૂા.૨૯,૭૬૨–૯૮/– પૈસા ( અંકે ઓગણત્રીસ હજાર સાતસો બાસાઇઠ–અઠાણુ પૈસા પુરા) દાવા તારીખ થી વાર્ષિક ૬ ટકાના વ્યાજ સહ વાદી કંપનીને ચુકવી આપવી તેવુ ઠરાવવામાં પ્રતિવાદી સદરહું રકમ ભરવામાં કસુર કરે તો તેમની જાત માલ – મિલકતમાંથી આવ છે. વસુલ મેળવવા વાદી કંપની હકકદાર રહેશે તેવું ઠરાવવામાં આવે છે.

(૩) વાદીનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું અને પ્રતિવાદીને થયેલ ખર્ચ તેઓએ જાતે ભોગવવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ: ૦૫ મી માહે: મે, સને: ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

કાલાવડ
તા. ૦૫/૦૫/૨૦૨૬

**(હર્ષદ રાજાભાઇ ખમલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
કાલાવડ
**જીજે ૦૧૭૪૯**